# સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ (COVID-19)

**તા.૧૦/૦૪/૨૦૨૧**

સુરત શહેરમાં તીવ્ર ગતિએ વધી રહેલ કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રિત કરવા માટે સુરત મહાનગરપાલિકા સતત પ્રયત્નશીલ છે. શહેરમાં વકરેલા કોરોનાની વિકટ પરિસ્થિતિને ધ્યાને લઈ આજરોજ માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ સ્મીમેર હોસ્પિટલ ખાતે આવેલ કોવિડ સેન્ટરની મુલાકાત લઈ ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે કોવિડની વર્તમાન પરિસ્થિતને ધ્યાને લઈ સમીક્ષા બેઠક કરી હતી. જેમાં માન.ડે.મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન.શાસક પક્ષ નેતા શ્રી અમિતસિંગ રાજપૂત તથા સ્મીમેર હોસ્પિટલનાં ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ કોવિડ હોસ્પિટલમાં દર્દીઓને આપવામાં આવતી સુવિધાઓનું મેડિકલ સ્ટાફ સાથે રહી દર્દીઓની મુલાકાત લઈ કરવામાં આવેલ વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

હાલમાં કોરોના વાયરસનું સંક્રમણ તેજગતિએ વધી રહયું હોય જેને નિયંત્રિત કરવા માટે તમામ શહેરીજનો ફરજીયાત માસ્ક પહેરે, સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવે, બીન જરૂરી ઘરની બહાર ન નીકળે, વારંવાર સાબુથી હાથ ધોવા તથા સેનેટાઈઝરનો મહત્તમ ઉપયોગ કરવા અને સરકારશ્રીની ગાઈડલાઈનનું ચૂસ્ત પાલન કરવા અને કોરોના વાયરસની વધતી જતી સાંકળને તોડવા સુરત મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા અપીલ કરી હતી.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૭૩**
**તા.૧૦/૦૪/૨૦૨૧**